सत्यमेव जयते

નં. તપસ/ [illegible]
નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી
બ્લોક નં. ૧૪/૬, સરદાર પટેલ ભવન
નવા સચિવાલય, ગાંધીનગર
ફોન : (૦૭૯) - ૨૩૨૫૧૧૭૦
Email : dire-cs-fcs@gujarat.gov.in
તારીખ : ૨૮/૧૧/૨૦૨૩

<u>અગત્યનું/ ટોચઅગ્રતા/ખાનગી</u>

પ્રતિ,

(૧) અન્ન નિયંત્રકશ્રી,
અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રીની કચેરી,
જિલ્લો: અમદાવાદ શહેર.

(૨) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી,
કલેકટર કચેરી, પુરવઠા શાખા,
જિલ્લો: (તમામ)

વિષય: વાજબી ભાવના દુકાનોની વિગતવાર તપાસણી કરાવવા બાબત.

સંદર્ભ: (૧) ગૃહ વિભાગના તા.૦૪/૦૩/૨૦૨૨ ના ઠરાવ ક્ર:વસફ/૧૦૨૦૨૩ /૮૪૫/ડ
(૨) ગૃહ વિભાગના તા.૧૮/૦૭/૨૦૨૩ ના ઠરાવ ક્ર:વસફ/૧૦૨૦૨૩/૮૪૫/ડ
(૩) માન.મંત્રીશ્રી, ગૃહ વિભાગની અધ્યક્ષતામાં તા.૦૨/૧૧/૨૦૨૩ ના રોજ " ખાસ તપાસ દળ" (S.I.T.)ની યોજાયેલ સમીક્ષા બેઠક

ઉપરોકત વિષય સંદર્ભિત પત્ર-(૧) અન્વયે જણાવવાનુ કે, રાજ્ય સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ હસ્તકના ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.,ગાંધીનગર હેઠળના સરકારી અનાજના ગોડાઉન કે સસ્તા અનાજની દુકાનોમાં થતી ગેરરીતિ કે ચોરીની ઘટનાઓના બનાવોના મૂળ સુધી પહોંચીને આરોપીઓને સજા કરી શકાય તેમજ સ્થાનિક પોલીસને યોગ્ય માર્ગદર્શન મળી રહે અને સમગ્ર રાજયમાં તપાસમાં એકસુત્રતા જળવાઇ અને અસરકારતા આવે તે માટે રાજય સરકારશ્રી દ્વારા પોલીસ મહાનિર્દેશક, સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેના અધ્યક્ષતા હેઠળ રચાયેલ રાજય સ્તરની S.I.T. (સ્પેશ્યલ ઇન્વેસ્ટીગેશન ટીમ)ની રચના કરીને તેમાં સભ્યોનો સમાવેશ કરાયેલ છે.

સદર સ્પેશ્યલ ઇન્વેસ્ટીગેશન ટીમમાં ઉકત સંદર્ભ-(૨) ના ઠરાવથી અન્ય સભ્યોનો પણ સમાવેશ કરીને ખાસ તપાસ દળની નવીન રચના કરવામાં આવેલ છે.

તાજેતરમાં અત્રેની કચેરીની તપાસણી અધિકારીશ્રીઓ દ્વારા અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઇ તાલુકાની વાજબી ભાવની દુકાનોની તાજેતરમાં કરાયેલ તપાસણી દરમ્યાન તપાસ સમયે

દુકાનદારના મોબાઇલમાં રેશનકાર્ડ ધારકોના નંબરની સામે બાયોમેટ્રીક ફિંગર પ્રિન્ટની ઇમેજ સ્ટોર કરાયેલ હોવાનું અને તેના વડે આધાર બેઇઝ્ડ ઓથેન્ટીકેટેડ ટ્રાન્ઝેકશન થઇ શકે તે પ્રકારની અનઅધિકૃત એપ્લીકેશન સ્ટોર કરવામાં આવેલ હોવાનુ જણાયેલ છે. તદ્દઉપરાંત, દુકાનમાં કાર્ડધારકોની કૂડકુપન કાઢવા માટેના રબર ફીંગરપ્રિન્ટ તથા એક થી વધુ ફીંગર પ્રિન્ટ ડીવાઇસ તપાસ ટીમને મળી આવેલ છે, જે ખૂબ ગંભીર બાબત છે.

સદર દુકાનની તપાસણીમાં મામલતદાર કચેરીના ડેટા એન્ટ્રી ઓપરેટર તથા નાયબ મામલતદાર(પુરવઠા) ની મદદગારી/સામેલગીરીથી દુકાન સાથે સંકળાયેલ રેશનકાર્ડ ધારકો / કુટુંબના સભ્યોના નામ સામે કોઇ અન્ય વ્યક્તિ/ત્રાહિત વ્યક્તિના આધારકાર્ડના ડેટાને રેશનકાર્ડ ધારકના નામ સામે ખોટી રીતે સીડીંગ કરવા અંગેની ગેરકાયદેસર ગુન્હાહિત પ્રવૃતિ કરાયેલ હોવાનું જણાયેલ છે. આ કામગીરીમાં સ્થાનિક Common Service Centre (C.S.C.) તરીકે કાર્યરત દુકાનો સામેલ હોવાનું, તેમજ રેશનકાર્ડમાં સમાન ઉંમર ધરાવતા ૫ થી ૧૦ જેટલા સભ્યોના નામ ખોટી રીતે ઉમેરવામાં આવેલ હોવાનું તપાસમાં જણાયેલ છે, જે ખૂબ ગંભીર બાબત છે.

ઉપરોકત વિગતોનુસાર તપાસણી દરમ્યાન જણાયેલ ગંભીર પ્રકારની સાયબર ક્રાઇમ સંબધિત ગેરરીતિઓ સંદર્ભે, માન.મંત્રીશ્રી, ગૃહ વિભાગની અધ્યક્ષતામાં તા.૦૨/૧૧/૨૦૨૩ ના રોજ યોજાયેલ ખાસ તપાસ દળ (S.I.T.) ની કામગીરીની સમિક્ષા બેઠકમાં મળેલ સુચનાનુસાર આપના જિલ્લાની વાજબી ભાવની દુકાનોની નીચે મુજબના તપાસ અંગેના મુદ્દાઓ આવરી લઇને સ્થાનિક પોલીસ ખાતાના સાયબર સેલની મદદ લઇને તાત્કાલિક રીતે વિગતવાર તપાસણી /ચકાસણી કરવાની કાર્યવાહી અગ્રતાના ધોરણે હાથ ધરી અત્રે અહેવાલ કરવા સુચના આપવાંમાં આવેલ છે, જેથી અત્રેથી સંકલિત વિગતો S.I.T. ને રજૂ કરી શકાય.

(૧) આપના જિલ્લાની વાજબી ભાવની દુકાનોની તપાસ સમયે દુકાનદાર/ તોલાટ/ સહાયક/ ડેટા એન્ટ્રી ઓપરેટર દ્વારા વાપરવામાં આવતા કોમ્પ્યુટર/લેપટોપ/મોબાઇલની તજજ્ઞો પાસે ચકાસણી કરાવીને તેમાં કોઇપણ જાતના અન્ય સોફટવેર/ એપ્લિકેશન /નાગરિકોના બાયોમેટ્રીક-થમ્બ ઇમ્પ્રેશન જેવી બાબતો દુકાનદાર દ્વારા સ્ટોર કરવામાં આવી છે કે કેમ ? તેની તપાસણી કરવાની રહેશે.

(૨) દુકાનદાર દ્વારા ઉપયોગમાં લેવાતા બાયોમેટ્રીક ડિવાઇસને મામલતદાર કક્ષાએ રજીસ્ટરમાં નોંધ કરીને issue કરવામાં આવેલ છે કે કેમ ? બાયોમેટ્રીક ડિવાઇસને મામલતદાર કક્ષાએ Sticker દ્વારા સિલ કરવામાં આવેલ છે કે કેમ ? દુકાનદાર દ્વારા કોઇ અધિકૃત ડીવાઇસનો ઉપયોગ કરવામાં આવે છે કે કેમ ? ક્યારથી અનઅધિકૃત ડીવાઇસનો ઉપયોગ કરવામાં આવેલ છે ? મામલતદારશ્રી દ્વારા તપાસણી કયારે કરાયેલ છે ? જેવી બાબતોની તપાસણી કરવી.

(૩) એક જ બાયોમેટ્રીક ડીવાઇસનો એક કરતા વધુ દુકાનોની અંદર ઉપયોગ થાય છે કે કેમ ? દુકાનમાં એક કરતા વધુ બાયોમેટ્રીક ડીવાઇસનો સંગ્રહ કરેલ છે કે કેમ ? બાયોમેટ્રીક ડીવાઇસ સુરક્ષિત સ્થિતિમાં યથાવત છે કે કેમ ? બાયોમેટ્રીક ડિવાઇસ સાથે ચેડા કરી તેને ઓપન કરવામાં આવેલ છે કે કેમ ? તેની સંપૂર્ણપણે તપાસણી કરવાની રહેશે.

(૪) દુકાન સાથે જોડાયેલ કાર્ડધારકોની થમ્બ ઇમ્પ્રેશન/રબર ફીંગરપ્રિન્ટ દુકાનમાં લેપટોપ/ ડેસ્કટોપ/ હાર્ડડીસ્કમાં કે અન્ય રીતે Soft /Hard copyમાં સંગ્રહ કરેલ છે કે કેમ ?

(૫) દુકાનદાર દ્વારા e-profile માં દર્શાવેલ વિગતોની સ્થળ તપાસ સમયે દસ્તાવેજી આધાર-પુરાવા સાથે પુનઃ ચકાસણી કરવી.

(૬) દુકાનદારના Latitude-Longitude સાચા છે કે કેમ ? Geo-fencing યોગ્ય રીતે થયેલ છે કે કેમ? e-pod દુકાન ખાતે જ થાય છે કે કેમ? જેવી બાબતોની ડોર સ્ટેપ ડીલીવરી (D.S.D.) વાહનની ડીલીવરી સાથે ચકાસણી કરવી.

(૭) દુકાનદાર દ્વારા મૂળ દુકાન તથા અન્ય દુકાનને ગોડાઉન ખાતે મંજૂર કરાયેલ છે કે કેમ ? મંજૂર કરાયેલ ગોડાઉનનું દુકાનથી અંતર ચકાસવું. દુકાન ખાતે સંગ્રહ કરાતો જથ્થો તથા ગોડાઉન ખાતે મંજૂર કરાયેલ જથ્થો ચકાસવો.

ઉપરોકત મુદાઓ સંદર્ભે, દુકાનની તપાસણી દરમ્યાન ગેરરીતિના કિસ્સાઓ જણાયેથી,

(૧) તાત્કાલિક પોલીસ ફરિયાદ નોંધાવી.

(૨) દુકાનદારનો પરવાનો તાત્કાલિક ધોરણે મોકુફ કરીને દુકાનને કાયમી ધોરણે રદ કરવાની કાર્યવાહી કરવી.

(૩) દુકાન સાથે જોડાયેલ NFSA રેશનકાર્ડધારકોના જથ્થો મળ્યા બાબતની ખરાઇ માટે લાભાર્થીઓના રહેણાંકના સ્થળે સ્થળ તપાસ કરીને, કાર્ડોનુ ૧૦૦ ટકા ક્રોસ-વેરીફીકેશન કરવુ. જેમાં કાર્ડધારકોની હયાતી, N.F.S.A ની પાત્રતા, કુટુંબના સભ્યોની વાસ્તવિક સંખ્યા, કાર્ડધારકના નામે થયેલ વેચાણની વિગતોની ચકાસણી માટે સ્થાનિક અધિકારી કર્મચારીની ટીમો બનાવીને તપાસ કરાવવી.

(૪) દુકાન સાથે સંકળાયેલ રેશનકાર્ડ ધારકોના કુટુંબોમાં એક લાભાર્થીના નામ, રેશનકાર્ડ, આધારકાર્ડ, મોબાઇલ નંબર સાથે અન્ય કોઇ વ્યક્તિ/લાભાર્થીના રેશનકાર્ડનુ આધારકાર્ડ સાથે ખોટી રીતે આધાર-સીંડીંગ થયેલ હોય તેવા કિસ્સામાં ખોટું આધાર-સીડીંગ ક્યારે ? કોના દ્વારા કયા અધિકારીશ્રીની મંજૂરીથી કરાયેલ જેની વિગતો માટે ડેટા-લોગ ચકાસીને મહત્વના દસ્તાવેજ

તરીકે ઉપયોગમાં લઇ કસુરવાનો સામે નિયમોનુસાર ફોજદારી રાહે પગલા લેવા અંગેની કાર્યવાહી કરાવવા તથા ખોટી રીતે થયેલ આધાર-સીંડીંગ થયેલ હોય તો તે કાર્ડ રદ કરીને, સાચુ આધાર-સીંડીગ કરવાની કાર્યવાહી હાથ ધરવી.

(૫) આ પ્રકારની ગેરરીતીઓ સાથે જોડાયેલ દુકાનદારના તથા સરકારશ્રીના જવાબદાર જણાયેલ અધિકારી/કર્મચારીઓ/ ડેટા એન્ટ્રી ઓપરેટરોના તમામ પ્રકારના નાણાંકિય વ્યવહારોની વિગતોની તપાસ માટે Income Tax Department/ G.S.T/ A.C.B. કચેરીને જાણ કરવાની કાર્યવાહી કરવી.

ઉપરોકત બાબતને ટોચ-અગ્રતા આપવા વિનંતી છે.

નિયામક
અન્ન, નાગરીક પુરવઠા,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-

→ અંગત સચિવશ્રી, અગ્ર સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા વિભાગ, ગાંધીનગર તરફ વિદિત થઇ સરકારશ્રી સ્તરેથી જરૂરી સુચના થવા વિનંતી સહ.

→ અંગત સચિવશ્રી, અગ્ર સચિવશ્રી, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ સદર બાબત લાભાર્થીઓના ડેટાબેઇઝના થઈ રહેલ દૂરઉપયોગ બાબતે વિદિત થઈ જરૂરી કાર્યવાહી થવા વિનંતી સહ.

→ કલેકટરશ્રી, (તમામ) તરફ જાણ તથા આપના જિલ્લામાં કાર્યરત આધાર કેન્દ્રો, જન સેવા કેન્દ્રો, Common Service Center (C.S.C.), જિલ્લા કક્ષાએ e-ધરા કેન્દ્ર, સ્થાનિક નગરપાલિકા /મહાનગરપાલિકાના જનસેવા કેન્દ્રોના ઓપરેટરો દ્વારા લાભાર્થીઓના આધાર બેઇઝ્ડ ડેટાના અનઅધિકૃત વેચાણ અટકાવવા માટેની સઘન ચકાસણી ઝુબેંશ માટે વિવિધ ટીમોની રચના કરીને કસુરવાનો સામે નિયમોનુસારની દંડાત્મક કાર્યવાહી થવા વિનંતી સહ.